# 4 આરોગ્ય વીમા વિશે જાણવા જેવી બાબતો

**1** વિવિધ આરોગ્ય વીમાની પોલિસીઓ અલગ અલગ લાભ આપી શકે અને અમુક તમે કયા ડૉકટરો, હૉસ્પિટલો અથવા અન્ય પ્રદાતાઓનો ઉપયોગ કરી શકો તે મર્યાદિત કરી શકે.

**2** તમારી વીમા કંપની તમને મળવાપાત્ર કાળજીની ચુકવણીઓ શરૂ કરે ત્યાર પહેલા પ્રત્યેક પ્લાન વર્ષમાં તમારે કપાતપાત્ર રકમ ચુકવવી પડે તેમ બને. દાખલા તરીકે, ધારી લો કે તમારી કપાતપાત્ર  $200 છે.  તમારી પાસે $1,250 ઇમરજન્સી રૂમની મુલાકાત છે. તો તમારે કપાતપાત્ર રકમ આવરી લેવા માટે પ્રથમ $200 ચુકવવાની રહે અને ત્યાર બાદ તમારી વીમા કંપની પોતાનો હિસ્સો ચુકવવો શરૂ કરે.

**3** તમારે સહ-વીમો અથવા સહ-ચુકવણી ખર્ચમાં ચુકવણી કરવી પડી શકે જ્યારે તમે તબીબી સંભાળ મેળવો, જેમકે ડૉકટરની મુલાકાત, હૉસ્પિટલ આઉટપેશન્ટ મુલાકાત અથવા કોઇ પ્રિસ્ક્રિપ્શન. સહ-વીમાની રકમ સામાન્યતઃ ટકાવારી તરીકે હોય છે (દાખલા તરીકે, કુલ ખર્ચના 20%). સહ-ચુકવણીની સામાન્યતઃ નિયત રકમ હોય છે (દાખલા તરીકે, તમારે પ્રિસ્ક્રીપ્શન અથવા ડૉકટરની મુલાકાત માટે $10 અથવા $20).

**4** આરોગ્ય વીમા યોજનાઓ હોસ્પિટલો, ડોકટરો, ફાર્મસીઓ અને આરોગ્ય સંભાળ પ્રદાતાઓના નેટવર્ક સાથે કરાર કરે છે. તમે કયા પ્રકારની પોલિસી ખરીદી છે તેના આધારે તમારો પ્લાન ફક્ત તમારી કાળજીની ચુકવણી કરી શકે જ્યારે તમને તે પ્લાનના નેટવર્કના પ્રદાતા પાસેથી તે મળે અથવા તમારે બિલનો વધુ મોટો હિસ્સો ભરવો પડે તેમ બને.

## Health Insurance Marketplace

તમારી પાસે મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઑડિયો જેવા ઍક્સેસિબલ ફોર્મેટમાં Marketplace માહિતી મેળવવાનો અધિકાર છે. જો તમને લાગે કે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે તો તમને ફરિયાદ નોંધાવવાનો પણ અધિકાર છે. CMS.gov/about-cms/agency-information/aboutwebsite/cmsnondiscriminationnotice, ની મુલાકાત લો અથવા વધુ માહિતી માટે Marketplace કોલ સેન્ટરને 1-800-318-2596 પર કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

HealthCare.gov

CMS Product No. 11631-GU (Gujarati)  Revised January 2022

આ પ્રોડક્ટ U.S. કરદાતાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી.

Health Insurance Marketplace® is a registered service mark of the U.S. Department of Health & Human Services.



# હેલ્થ ઇન્શ્યોરન્સ (આરોગ્ય વીમો) નું મૂલ્ય

## તમને જ્યારે કાળજીની જરૂર હોય ત્યારે આરોગ્ય વીમો ખર્ચ ચુકવવામાં મદદરૂપ થાય છે

કોઇ પણ વ્યક્તિ જાણી જોઇને બિમાર પડતો નથી કે ઇજા નથી પામતો, પરંતુ મોટા ભાગના લોકોને કોઇક સમયે તબીબી કાળજીની જરૂર પડતી જ હોય છે. આરોગ્ય વીમો આ ખર્ચાને પહોંચી વળવામાં મદદ કરે છે અને તમને અતિ ઊંચા ખર્ચ સામે રક્ષણ આપે છે.

## આરોગ્ય વીમો એટલે શું?

આરોગ્ય વીમો એ તમારા અને વીમા કંપની વચ્ચે થયેલ કરાર છે. તમે પ્લાન ખરીદો, અને જ્યારે તમે બિમાર પડો અથવા ઇજા થાય ત્યારે કંપની તમારા તબીબી ખર્ચનો અંશ ચુકવવા માટે સહમત થાય છે.

આરોગ્ય વીમાના અન્ય મહત્ત્વપૂર્ણ લાભ છે. Health Insurance Marketplace® માં ઉપલબ્ધ પ્લાન (અને મોટા ભાગના અન્ય પ્લાન) નિશુલ્ક રોગ નિવારક કાળજી પૂરી પાડે છે જેમકે રસીઓ અને ચેક અપ્સ. તે પ્રિસ્ક્રિપ્શન દવાઓની અમુક કિંમત પણ આવરી લે છે.

## હેલ્થ ઇન્શ્યોરન્સ તમને કાળજી માટે ચુકવણી કરવામાં મદદરૂપ થાય છે

શું તમે જાણો છો કે 3-દિવસ હોસ્પિટલમાં રહેવાનો સરેરાશ ખર્ચ લગભગ $30,000 છે? અથવા તો એ કે તુટી ગયેલ પગને સાંધવાનો ખર્ચ $7,500 જેટલો થાય છે? આરોગ્ય વીમો લેવાથી તમને આના જેવા ઉચ્ચ, અણધાર્યા ખર્ચથી બચાવવામાં મદદ મળી શકે છે.

તમારી ઇન્શ્યોરન્સ પોલિસી અથવા લાભ સારાંશ અને આવરણ દર્શાવશે કે તમારો પ્લાન અલગ અલગ પરિસ્થિતિઓમાં વિવિધ સારવારો માટે વીમા કંપની કેટલી રકમ ચુકવશે તે સહિત કયા પ્રકારની કાળજી, સારવારો અને સેવાઓને આવરશે.

## હેલ્થ ઇન્શ્યોરન્સ માટે તમે કેટલી ચુકવણી કરશો

તમે સામાન્યતઃ દર મહિને આરોગ્યના આવરણ માટે પ્રિમિયમ ભરશો અને તમારે પ્રત્યેક વર્ષે કપાતપાત્ર રકમ પણ ભરવાની રહેશે. કપાતપાત્ર એ તમારી આરોગ્ય વીમો અથવા યોજના ચૂકવવાનું શરૂ કરે તે પહેલાં આવરી લેવામાં આવેલી આરોગ્ય સંભાળ સેવાઓ માટે તમારે બાકી રહેલી રકમ છે. કપાતપાત્ર રકમ તમામ સેવાઓને લાગુ નથી.

**તમે તમારા પ્રિમિયમ અને કપાતપાત્ર રકમ પેટે કેટલી ચુકવણી કરો છો તેનો આધાર તમારા કવરેજના પ્રકાર પર આધારિત છે.**

પ્રિમિયમની રકમ અને કપાતપાત્ર રકમ જેટલું જ મહત્ત્વ તમે સેવાઓ મેળવો ત્યારે કેટલી ચુકવણી કરવાની છે તેનું પણ છે.

ઉદાહરણોમાં સમાવેશ છે:

- તમારા કપાતપાત્ર રકમની ચુકવણી કરો ત્યાર બાદ ખિસ્સામાંથી કરવામાં આવતી ચુકવણી(સહવીમો અથવા સહચુકવણી)
- જો તમે બીમાર થાઓ અથવા ઇજા થાય તો તમારે ચૂકવવાની કુલ રકમ (ખિસ્સામાંથી મહત્તમ)

સૌથી સસ્તા પ્રિમિયમવાળી પોલિસી ઘણી સારવારો અને સેવાઓને ન પણ આવરી લેતી હોય.

## હું વધારે કેવી રીતે જાણી શકું?

Marketplace દ્વારા કરવામાં આવતું કવરેજ અથવા આરોગ્ય સંભાળ કાયદા હેઠળ તમારા લાભો અને રક્ષણ વિશે વધુ જાણવા માટે, **HealthCare.gov** મુલાકાત લો અથવા 1-800-318-2596 પર Marketplace કૉલ સેન્ટરને કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.